કોંગ્રેસ નિરાશાની ગર્તમાં ડૂબેલી છે : મોદી

આઝાદીના ૬૦ વર્ષ બાદ પણ દેશ પીવાના પાણી માટે વલખા મારે છે : હિંમતનગરમાં જંગી જાહેરસભા

હિંમતનગર, તા. ૨૩

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ સાબરકાંઠાના વડા મથક હિંમતનગરમાં ચૂંટણીસભામાં વિશાળ જનમેદનીને સંબોધતાં જણાવ્યું હતું કે કોંગ્રેસ નિરાશાની ગર્તમાં ડૂબેલી છે. આઝાદીના ૬૦ વર્ષ બાદ પણ દેશ પીવાના પાણી માટે વલખાં મારે છે. કોંગ્રેસ ઉપર પ્રહાર કરતાં મોદીએ જણાવ્યું હતું કે કોંગ્રેસની મા-બેટીની સરકાર મોદીનો ઉકેલ શોધવા રચી પચી રહે છે હું પ્રજા માટેના ઉકેલ શોધી રહ્યો છું. કોંગ્રેસ ચૂંટણી આવે એટલે ગરીબોની માળા જપ્યા કરે છે. લોકો તાજમહેલ જોવા જાય છે અને તાજમહેલ પાસે ઉભા રહી ફોટો પડાવે છે જયારે રાહુલભાઈ ગરીબના ઘરે જઈને ફોટા પડાવે છે. લોકો માટે તાજમહેલ ટુરીઝમ છે. રાહુલભાઈ માટે ગરીબનું ઘર ટુરીઝમ છે. જનમેદનીને સંબોધતાં મોદીએ જણાવ્યું હતું કે દેશ બરબાદ થઈ ગયો છે. આ પહેલી ચૂંટણી છે જેમાં દળ નહિ દેશ લડે છે. દેશને સંકટમાંથી બહાર લાવવા ભાજપની જરુર છે. મોદીએ ભાવુક બનીને જનમેદનીને આહવાન કર્યું હતું કે મારે ગુજરાતની પ્રજા પાસેથી મત માગવાના ના હોય મારે તો પ્રજાના આર્શીવાદ જોઈએ પ્રજાના આર્શીવાદ વગર જિંદગીમાં કંઈ બનતું નથી. વિરોધપક્ષના નેતા અને સાબરકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવારનો અગાઉનો હિસાબ માગવા પ્રજાને અનુરોધ કર્યા હતા અને તેમને ચૂંટણીમાં હરાવી પાર્સલ કરી દેવા જણાવ્યું હતું. સાબરકાંઠા લોકસભાના ભાજપના ઉમેદવાર દિપસિંહ રાઠોડ અને હિંમતનગર વિધાનસભાના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડાને જંગી મતોથી વિજય અપાવવા સાબરકાંઠાની જનતાને નરેન્દ્ર મોદીએ આહવાન કર્યું હતું.

આ પ્રસંગે પ્રભારી મંત્રી પ્રદિપસિંહ જાડેજા સંગઠન પ્રભારી અશોકભાઈ ભાવસાર, લોકસભાના ઉમેદવાર દિપસિંહ રાઠોડ, હિંમતનગર વિધાનસભાના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

મહેસાણાના મીડીયાકર્મીઓમાં જિલ્લા ચૂંટણી તંત્ર સામે ઘેરા અસંતોષની લાગણી

મહેસાણા, તા. ૨૩

ગુજરાત રાજયમાં આગામી તા. ૩૦મી એપ્રિલના રોજ લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ઉત્તર ગુજરાતના ૪-મહેસાણા સંસદીય મત વિસ્તારમાં યોજાનાર ચૂટણી સંદર્ભે સ્થાનિક મિડીયા કર્મીઓને જરુરી માહિતી આપવામાં જિલ્લા ચૂંટણી તંત્ર ઉણું ઉતર્યું છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ત્યારે ચૂંટણીની આચાર સંહિતા બાબતે વિગતો આપવામાં આવી હતી. ત્યારબાદથી આજ દિન સુધી મિડીયા કર્મીઓને મહેસાણા જિલ્લા ચૂંટણી તંત્ર તરફથી ચૂંટણી લક્ષી કામગીરી અંગે કોઈ જ વિગતો આપવામાં ન આવતાં કેટલાક મિડીયા કર્મીઓમાં તંત્ર સામે ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે. લોકસભા ચૂંટણીને અનુલક્ષીને મહેસાણા જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા શું પગલા ભરવામાં આવ્યા છે? તેની પણ કોઈ જ માહિતી આપવામાં આવી નથી. આમ ચૂંટણી લક્ષી જરુરી વિગતો આપવામાં જિલ્લા ચૂંટણી તંત્રની નિષ્ક્રિયતાને કારણે મિડીય કર્મીઓને મહત્વની માહિતી મેળવવામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

ભૂતકાળમાં થયેલ લોકસભાની ચૂંટણીઓમાં મહેસાણા જિલ્લા ચૂંટણી તંત્ર તરફથી મીડીયા કર્મીઓને પત્રકાર પરિષદો યોજીને જરુરી વિગતો આપવામાં આવી હતી. પરંતુ કોણ જાણે કેમ આ વખતની લોકસભાની ચૂંટણીમાં જરુરી વિગતો આપવામાં તંત્ર સાવ વામણું પુરવાર થયેલ છે.

લક્ષ્મીપુરામાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

લક્ષ્મીપુરા, તા. ૨૩

લક્ષ્મીપુરાના દેરોલ સ્થિત દેવાધિદેવ પાશ્વનાથ જિન બિમ્બ માનસ્તંભ અને પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ અને વિશ્વ શાંતિ મહાયજ્ઞ તા. ૨૪મી એપ્રિલથી ૨જી મે સુધી યોજાશે. જેમાં દૂર-દૂરથી શ્રાવકો હાજર રહી કાર્યક્રમને માણશે. ભારત વર્ષમાં પ્રસિદ્ધ અતિશય ક્ષેત્રે દેવપુરી પાશ્વનાથ દેરોલ અતિ ચમત્કારિક સ્થળ છે. જ્યાં ભાવિકો શ્રાવકો પોતાની મનોકામના પૂર્ણ કરવા પધારે છે.

ધનસુરામાં નવકુંડી યજ્ઞ યોજાયો

ધનસુરા પરબડી ચોક ખાતે યુવાનો દ્વારા પ્રાણી માત્રના કલ્યાણ અર્થે નવકુંડ હોમાત્મક તેમજ સતચંડી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્મકાંડી ગિરીશભાઈ ગોરના અધ્યક્ષપદે આયોજીત મહાયજ્ઞમાં વેદના મંત્રો તેમજ સાત્વીક બ્રાહ્મો દ્વારા સાત્વીક અનુશાન અને પવિત્રતાથી વિવિધ ધાર્મિક વિધિઓ યોજાઈ.

ધનસુરાના કંજરી કંપા પાસે લકઝરી બસ પલ્ટી ખાતા અકસ્માત

ધનસુરા, તા. ૨૩

ધનસુરા -બાયડ માર્ગ પર આવેલ કંજરી કંપા આગળ રાજસ્થાન તરફથી આવતી લકઝરી બસના ચાલકની બેદરકારીને પગલે ગત મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. લકઝરી બસ અચાનક જ માર્ગમાંથી નીચે ઉતરી પલ્ટી ખાઈ જતા મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. અકસ્માતમાં નાની નાની ઈજાઓ બાદ કરતા કોઈ જાનહાની થવા પામી નથી.

રાજસ્થાનના ચિતોડગઢના નગાખોડી ખાતે રહેતા શાંતિનાથ બદરીલાલ રાવત નામનો લકઝરી બસનો ચાલક બસ નં. આર.જે. ૨૭-એપી ૬૯૨૯ લઈ રાજસ્થાનથી ગુજરાત તરફ આવી રહ્યો હતો. દરમિયન મોડી રાત્રે આ બસ ધનસુરા-બાયડ માર્ગ પર પહોંચતા કંજરીકંપા આગળ અચાનક જ બસ પલ્ટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ જ સમયે ચૂંટણી ફલાઈંગ સ્કવોર્ડના સભ્યો વી.જે. પરમાર, એન.આર. પટેલ અને રાજેન્દ્રસિંહએ તુરંત પોતાની ગાડી ઉભી રખાવી બસમાં ઘાયલ મુસાફરોને બહાર કાઢી ૧૦૮ મારફતે સારવાર અર્થે મોકલી આપ્યા હતા. જો કે આ ઘટનામાં કોઈ મોટી જાનહાની થવા પામી નથી. આ સંદર્ભે ધનસુરા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ઊંઝા પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટ વેરીફીકેશન માટે પણ રૂપિયા ઉઘરાવાય છે

પોલીસની ભ્રષ્ટ નીતિ સામે અરજદારોમાં ભારે રોષ

ઊંઝા, તા. ૨૩

ઊંઝા પોલીસ સ્ટેશનમાં પાસપોર્ટ સંબંધી અરજીઓ વેરીફાઈડ કરવાનું કામકાજ સંભાળતા પોલીસ કર્મચારીની કથિત ભ્રષ્ટનીતિ સામે લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

ઊંઝા પોલિસ સ્ટેશનમાં લોકલ ઈન્ટેલીજન્સ શાખામાં છેલ્લા કેટલાક વખતથી ફરજ બજાવતા એક પોલીસ કર્મચારી પાસપોર્ટ સહિતની સંબંધિત અરજીઓ વેરીફાઈડ કરવાના કામે અરજદારો પાસેથી યેનકેન પ્રકારે ગેરકાયદેસર રીતે નાણાં પડાવતા હોવાની લોકબૂમરાણ ઉઠી છે. કહે છે કે સદર પોલીસ કર્મચારી લોકલ ઈન્ટેલીજન્સ શાખાને લગતી અરજીઓ વેરીફાઈડ કરવામાં નાણાંની લાલચે ઈરાદાપૂર્વક દિવસો સુધી અરજીઓ દબાવી રાખે છે. પાસપોર્ટ બાબતની અરજી સંદર્ભે અરજદાર કે તેના વાલી પુછપરછ કરે તો તેમને વ્યવસ્થિત જવાબ મળતો નથી. સરકારી નિયમ મુજબ પાસપોર્ટ અંગેની જે અરજીઓ તપાસ અને ખરાઈ માટે આવે તે વેરીફાઈડ કરાવીને પંદર દિવસમાં તેનો અહેવાલ મોકલી આપવાનો હોય છે તેમ છતા સદર પોલીસ કર્મચારી કથિત ભ્રષ્ટાચાર આચરવા માટે દિવસો સુધી અરજીઓ દબાવી રાખી અરજદારોને પરેશાન કરે છે. દરમિયાન જે અરજદારો ગેરકાયદે આર્થિક વ્યવહારમાં ના છૂટકે સમજે છે તેમના કામો ઝડપથી થઈ જાય છે તેવું ચર્ચાય છે. આમ સદર પોલીસ કર્મચારી પાસપોર્ટ સંબંધી અરજીઓ વેરીફાઈડ કરવાના કામકાજમાં ભ્રષ્ટ નીતિ રીતિ અપનાવીને અરજદારોને યેનકેન પ્રકારે પરેશાન કરી રહ્યા છે. કહે છે કે સદર પોલીસ કર્મચારી વિરૂધ્ધ અગાઉ લોક દરબારમાં પણ ફરિયાદ થઈ હતી તેમ છતાં કોણ જાણે કેમ આ કથિત ભ્રષ્ટ પોલીસ કર્મચારીની અન્યત્ર બદલી કરવામાં આવી નથી. આ અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઝીણવટભરી તપાસ કરાવી સત્વરે યોગ્ય પગલાં ભરે જે જરુરી મનાય છે. સ્થાનિક પોલીસ મથકમાં અન્ય જરુરી દાખલાઓ મેળવવામાં પણ વ્યાપક ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે.

ખેડબ્રહ્માની પરણિતાને લાગી આવતા એસીડ પી જતા સારવાર હેઠળ

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા શહેરની પ્રજાપતિ સોસાયટીમાં રહેતા પ્રજાપતિ પરિવારની પરિણીતાને તા. ૧૯-૪ ના રોજના નજીવી બાબતમાં બોલાચાલી થતાં લાગી આવેલ જેમાં તેણે એસીડ પી જતાં સારવાર માટે ખાનગી દવાખાને દાખલ કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો મુજબ ખેડબ્રહ્માના ગુડીબેન ચંપકલાલ પ્રજાપતિ (ઉં.વ.૩૦) ની દિકરી અને તેમની જેઠાણીની દિકરી સાથે રમતી હતી તેમાં બન્ને બાળકો વચ્ચે બાળહઠમાં ઝઘડો થતા દેરાણી-જેઠાણી વચ્ચે બોલાચાલી થતા લાગી આવતા ગુડીબેને બાથરૂમમાં જઈ એસીડ પી ગયા હતા તેથી તેમને સારવાર અર્થે ઈડરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જે અંગે બુધવારના રોજ ડોકટરે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી.

કોંગ્રેસને ગુજરાતમાં ખાતુ ન ખોલવા દો સાફ કરી નાખો, વાળી ચોળી પુરૂ કરો : મોદી

ડીસા, તા. ૨૩

ગુજરાતમાં ભાજપનું મિશન-૨૬ નિષ્ફળ જઈ શકે છે અને ગત-૨૦૦૯ની લોકસભાની ચૂંટણીના પરિણામોનું પુનરાવર્તન થશે એવા સંદર્ભના રિપોર્ટસથી પ્રદેશ ભાજપના મોવડીઓ પરેશાન થઈ ગયા હતા. મોદી તેમના મિશન-૨૭૨ની પૂર્તિ હેતુ દેશભરમાં જાહેરસભાઓ ગજવીને પોતાની જીતને પાક્કી કરવા મથી રહ્યાં છે, તેવામાં ગુજરાતમાં ઘણાં વિસ્તારોમાં ભાજપના ઉમેદવારો સામેના અસંતોષ, જાતિ-જ્ઞાતિના મતદારોમાં ઉમેદવારોને હરાવવાની મથામણ, કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલાઓ સામે રોષ જેવી સ્થિતિના પરિણામે ભાજપના કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઓની ચૂંટણી પ્રચારમાં સુસ્તીના કારણે પ્રદેશ ભાજપના મોવડીઓ ત્રસ્ત થઈને ગુજરાતમાં મોદીને સભાઓ માટેની રજૂઆત કરી હતી, અંતે આજે ગુજરાતમાં સુરેન્દ્રનગર, કલોલ, બાદ ડીસાની જાહેરસભામાં આજે મોદીએ હાજરી આપી કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

બનાસકાંઠાના ડીસામાં આજે બપોરે ત્રણ વાગ્યા આસપાસ હેલીકોપ્ટર મારફતે કલોલ બાદની ડીસા ખાતેની સભામાં ભારતીય જનતા પાર્ટીના વડા પ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા.

બનાસકાંઠા ભાજપના ઉમેદવાર હરીભાઈ ચૌધરી અને પાટણના ભાજપનાં લોકસભા ઉમેદવાર લીલાધર વાઘેલાનાં ફાયદા માટે મનાતી આ જાહેરસભામાં આશ્ચર્ય વચ્ચે તેમનું નામ લીધા વિના કે તેમને વોટ આપવાની અપીલ ન કરતા આ બન્ને ઉમેદવારો છેક સુધી તેમના માટે તરફદારી કરી હતી, જો કે મોદીએ મોદીના બે શબ્દો સાંભળવા તરસતા હતા, સમગ્ર સભા દરમ્યાન મોદીએ માત્ર ભાજપની જ માત્ર ૨૬ કમલ ગુજરાતમાંથી ચૂંટણી મોકલી આપવાની વાત કરી હરીફ એવા કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા, તેમને જણાવ્યું હતું કે ૧૬મી મે ના રોજ પરિણામો જાહેર થયા બાદ આ કોંગ્રેસીઓની જગ્યા ક્યાં હશે ? તેની તેમને ચિંતા છે. જેથી આખો દિવસ-રાત મોદી રોકો-મોદી રોકો, અભિયાન ચલાવે છે જયારે મેં મનમાં યુવાનોને રોજગાર, દેશનો વિકાસ, ખેડૂતોની ચિંતા સાથે દેશના વિકાસની ચિંતા કરૂ છું, ગુજરાત અને અન્ય રાજ્યોને ભારે અન્યાય કર્યો છે જેને ન્યાય અપાવીશ તેવું જણાવી કોંગ્રેસ પક્ષની ઝાટકણી કાઢી હતી.

તો વળી તેમને તાજેતરમાં વિવાદિત બનેલ સંજય બારૂની પુસ્તક બોમ્બનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, 'મનમોહનના અંગત માણસે એક પુસ્તક લખી છે. જેમાં જાહેર કરાયું છે કે પ્રધાનમંત્રી માત્ર નામના હતા. સરકાર તો મા-બેટો ચલાવતા હતા. મા-બેટાની સરકારે દેશનું ધનોતપનોત કાઢ્યું છે. આ દેશમાંથી મા-બેટાની સરકારને હાંકી કાઢવી પડશે તેવું જણાવી આડકતરી રીતે કોંગ્રેસના સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા.

તેમને ખુલ્લા મંચ પરથી અપીલ કરી હતી કે ૩૦ તારીખે મતદાન છે. મને વિશ્વાસ છે કે ગુજરાતમાં કોંગ્રેસનુ ખાતુ નહિ ખુલે, કોંગ્રેસે બહુ લોહી પીધુ, હવે તેને સાફ કરી નાખો, વાળી ચોળી ને પુરૂ કરો, તેમને એ પણ દાવો કર્યો હતો કે આ વખતની ચૂંટણીમાં દેશના અનેકો રાજ્યોમાં કોંગ્રેસ બે આંકડા એટલે કે દશ બેઠકો પણ મેળવી શકશે નહિ. અનેક રાજ્યોમાં કોંગ્રેસનું ખાતુ ખુલશે નહિ, અને કોંગ્રેસના ઈતિહાસમાં ન જોઈ હોય તેવી હારનો કોંગ્રેસે સામનો કરવો પડશે તેવું જણાવી કોંગ્રેસને આડે હાથ લીધી હતી. જે બાદ તેમને હજારોની જનમેદનીનો આભાર માની અભિવાદન ઝીલી જણાવ્યું હતું કે મા અંબાના દર્શન કરી આવતીકાલે વારાણસીથી ઉમેદવારી નોંધાવીશ તેવું જણાવી ભાજપના હાથ મજબુત કરવાની હાંકલ કરી હતી, જો કે વ્હાઈટ એન્ડ વ્હાઈટ કપડાંમાં સજ્જ નરેન્દ્ર મોદીનો આજની સભાનો નવો લુક દેખી લોકો ખુશ થઈ ગયા હતા.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પાલનપુર મુકામે માઈકો ઓબ્ઝર્વર્સને ચૂંટણીલક્ષી તાલીમ અપાઈ

ચૂંટણીના દિવસે વિડીયોગ્રાફી સાથે માઈકો ઓબ્ઝર્વર્સ મતદાન પ્રકિયાનું નિરીક્ષણ કરશે

પાલનપુર, તા.૨૩

લોકસબાની સામાન્ય ચૂંટણી ૨૦૧૪ અંતર્ગત પાલનપુર મુકામે જનરલ ઓબ્ઝર્વરશ્રી ટી.ટી. ગામડીક અને બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી કમ કલેકટર મહેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં માઈકો ઓબ્ઝર્વર્સને ચૂંટણી લક્ષી તાલીમ પાઈ હતી. ચૂંટણી પંચની માર્ગદર્શિકા અને સુચના પ્રમાણે મતદાન થાય તે માટે વિશે, કાળજી રાકવા માઈકો ઓબ્ઝર્વર્સની નિમણુંક થાય છે. તેઓ ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમાયેલ જનરલ ઓબ્ઝર્વરના સીધા નિયત્રણમાં હોય છે.

બનાસકાંઠા લોકસભા બેઠક માટે ૨૪૧ માઈકો ઓબ્ઝર્વર્સ ચૂંટણીના દિવસે વીડ્યોગ્રાફી સાથે મતદાન પ્રકિયાનું નિરીક્ષણ કરશે. તેઓ જનરલ ઓબ્ઝર્વરને રિપોર્ટીગ કરશે તેમજ પરિસ્થિતિ અંગે જરૂર પડે તેમનો સંપર્ક કરશે. બનાસકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી મહેન્દ્ર પટેલે માઈકો ઓબ્ઝર્વર્સને તેમની કામગીરી અને ફરજ વિશે વિસ્તૃત માર્ગદર્શન અને સમજ આપી હતી. પટેલે બનાસકાંઠા જિલ્લામાં ગોઠવાયેલ ચૂંટણી વ્યવસ્થા વિશે જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે દરેકે સમયસર હાજર થઈને કાળજીપૂર્વક પોતાની ફરજ બજાવવાની છે જેમાં કોઈ પણ ભૂલ ચલાવી લેવાશે નહીં.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧